શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

**Helpline No. 1800-233-2417**

**સર્વ શિક્ષા અભિયાન, પંચમહાલ**
**જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ,**
જિલ્લા પંચાયત કંપાઉન્ડ, બ્લોક નં.૬, બીજે માળ,
પંચમહાલ, ગોધરા
ફોન નં.૦૨૬૭૨–૨૫૩૩૭૩
**E-Mail** : dpcpanchamahal@gmail.com

**નં.એસએસએ/એમઆઈએસ/વશી/ ૧૯૪- ૨૨૯** **તારીખ: ૨૨/૦૪/૨૦૧૪**

**પ્રતિ,**
**મુખ્ય શિક્ષકશ્રી,**
**પ્રાથમિક શાળા તમામ,**
**તા. તમામ, જિ.પંચમહાલ/મહિસાગર.**

**વિષય : શાળા છોડયાના પ્રમાણપત્રમાં બાળકને આપવામાં આવેલ આધાર ડાયસ (Aadhar DISE) આઈ.ડી. નો ઉલ્લેખ તેમજ શાળામાંથી અન્ય શાળામાં જતાં અને શાળામાં પ્રવેશ મેળવતાં તમામ બાળકોની વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવા બાબત.**

**સંદર્ભ : (૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૪૧૪/૪૧૯૧ /ક સચિવાલય, ગાંધીનગર તા.૨૧/૧૧/૨૦૧૩.**
**(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:પ્રાશિનિ /છ–૨/આઈ.ડી/૧૩/૧૪૧૧–૬૧ તા.૨૭/૧૧/૨૦૧૩.**

ઉપર્યુકત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે આપશ્રીને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ. ૨૦૧૩–૧૪ થી બાળકવાર "ડેટા બેઈઝ" ને આવરી લેતાં "આધાર ડાયસ" નો અમલ સમગ્ર રાજયમાં કરવામાં આવી રહયો છે. "આધાર ડાયસ" તૈયાર કરવાનો મૂળભૂત હેતુ રાજયમાં દરેક બાળકની શૈક્ષણિક ઉપલબ્ધિ (પ્રાથમિક શાળામાં ધો.૧ માં પ્રવેશથી લઈને ધો.૮ સુધીનું શિક્ષણ પૂર્ણ કરવાની) ઉપર દેખરેખ–નિયંત્રણ (મોનીટરીંગ) રાખવાનો છે. જેથી શાળામાં પ્રવેશ પામ્યા બાદ શાળામાં સતત ડ્રોપ આઉટ થતાં, સ્થળાંતર થતાં અને શાળા બદલતાં બાળકો અંગેની વાસ્તવિક પરિસ્થિતિ જાણી શકાય. આ હેતુ માટે દરેક બાળકને "આધાર ઓળખ નંબર (Unique Child ID Number)" આપવામાં આવેલ છે. જે બાળકનો કાયમી આઈ.ડી. નંબર છે. આ આધાર આઈ.ડી. નંબરના માધ્યમથી બાળક તેનો પ્રારંભિક શિક્ષણ પ્રવાહ (Elementary Education Cycle) પૂર્ણ કરે ત્યાં સુધીની માહિતી જાળવી રાખી શકાશે.

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૪૧૪/૪૧૯૧–ક તા.૨૧/૧૧/૧૩ (સંદર્ભ–૧) અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા.૨૭/૧૧/૨૦૧૩ ના પરિપત્ર (સંદર્ભ–૨) અન્વયે જિલ્લાની તમામ શાળાઓમાં ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતા તમામ બાળકના (૧૮ આંકડાનો સંપૂર્ણ) યુનિક આઈ.ડી. નંબરની શૈક્ષણિક દસ્તાવેજમાં નોંધ કરવી ફરજિયાત છે. માટે શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકોની આધાર ડાયસમાં ફરજિયાત ઓનલાઈન એન્ટ્રી કરાવવી જરૂરી છે. શાળામાં કોઈ બાળકની એન્ટ્રી આધાર ડાયસ અંતર્ગત રહી ન જાય તેનું ધ્યાન રાખવાની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકની છે. જેની ખાસ નોંધ લેવી.

વધુમાં, <u>કેટલીક શાળાઓએ ખોટા અથવા ડમી બાળકોના નામ સાથેના રેકોર્ડ Aadhar Enabled DISE અંતર્ગત અપલોડ કરેલા છે. જે બાબત સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર અને જિલ્લા પ્રોજેક્ટ કચેરીના ધ્યાન પર આવેલ છે.</u> જે ખૂબ જ ગંભીર બાબત છે. આપની શાળામાં જો કોઈ આવા ડમી બાળકોના નામના રેકોર્ડ હોય તો તાત્કાલિક સંબંધિત સી.આર.સી. કો.ઓર્ડિનેટરને જણાવી અથવા બી.આર.સી. ભવન ખાતે રૂબરૂમાં આધાર પુરાવા સાથે હાજર રહી બ્લોક એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટર અને ડેટા એન્ટ્રી ઓપરેટર મારફતે ચકાસણી કરાવી આવા નામ તાત્કાલિક શાળા કક્ષાએથી તેમજ Aadhaar Enabled DISE ના ઓનલાઈન ડેટા માંથી કમી કરાવવાના રહેશે.

**<u>સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર અને જિલ્લા પ્રોજેક્ટ કચેરી ધ્વારા Aadhar Enabled DISE ધ્વારા અંતર્ગત ઉપરોક્ત બાબતે તમામ શાળાઓમાં ક્રોસ ચેકિંગની કામગીરી ટૂંક સમયમાં હાથ ધરાનાર છે અને તેમાં જો કોઈ શાળામાં આવા ખોટા અથવા ડમી બાળકોના નામ મળશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકની રહેશે. અને શાળાના મુખ્ય શિક્ષકની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.</u>**

સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ Aadhar Enabled DISE માં બાળકોનું ડુપ્લીકેશન નિવારી શકાય અને અસરકારક ટ્રેકિંગ કરી શકાય તે માટે બાળકોના (૧૮ આંકડાનો સંપૂર્ણ) આઈ.ડી. નંબરનો તેના શાળા છોડયાના પ્રમાણપત્ર, માઈગ્રેશન કાર્ડ અને અન્ય તમામ સરકારી રેકર્ડ તથા અન્ય યોજનાઓમાં અચૂક ઉલ્લેખ કરવા તથા ડમી નામ કમી કરવા અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

હાલમાં પંચમહાલ જિલ્લામાં કુલ **<u>૧૫૧૫૪</u>** બાળકો અનટ્રેકડ મળેલ છે. જેમાં શાળા છોડીને ગયેલ બાળકો અન્ય શાળામાં દાખલ થયેલ છે કે કેમ ? અથવા કંઈ શાળામાં પ્રવેશ મેળવ્યો છે તેની સાચી વિગતો પ્રાપ્ત થઈ શકતી નથી. જેથી શાળાના મુખ્ય શિક્ષક ધ્વારા આ સાથે સામેલ પત્રક–૧ અને પત્રક–૨ મુજબનું રજીસ્ટર શાળામાં ફરજિયાત નિભાવવાનુ રહેશે. રજીસ્ટરમાં શાળા છોડીને જનાર અને અન્ય શાળામાંથી આપની શાળામાં પ્રવેશ મેળવનાર તમામ બાળકોની નોંધ કરવાની રહેશે. અને રજીસ્ટરમાં તમામ વિગતો દર્શાવ્યા બાદ જ વાલીને શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. જેથી શાળા છોડી જનાર તમામ બાળકોને ટ્રેક કરી શકાય. સદર પરિપત્રનો ચુસ્તપણે ફરજિયાત અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર**
**અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**પંચમહાલ–ગોધરા**

**સવિનય નકલ રવાના જાણ સારું:**
– માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસ.એસ.એ. ગાંધીનગર.
**જય ભારત સવિનય નકલ રવાના જાણ તેમજ અમલી કરાવવા સારું:**
– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, પંચમહાલ–ગોધરા.
**નકલ રવાના જાણ તેમજ અમલી કરાવવા સારુ:**
– તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તા. તમામ, જિ. પંચમહાલ / મહિસાગર.
– બી.આર.સી. /સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી, તા. તમામ, જિ.પંચમહાલ / મહિસાગર.

D:\MIS\Aadhar DISE Child ID In Leaving Certificate Letter.doc